ગાંધીનગર સમાચાર

# પાક હાઈકમિશનર સાથે ગિલાનીની ચર્ચા

નવીદિલ્હી, તા. ૧૯

પાકિસ્તાન સાથે વિદેશ સચિવ સ્તરની મંત્રણા રદ કરવામાં આવી હોવા છતાં આની ચિંતા કર્યાવગર કટ્ટરપંથી હુર્રિયત કોન્ફરન્સના નેતા સૈયદ અલી શાહ ગિલાની આજે જોરદાર વિરોધ વંટોળ વચ્ચે પાકિસ્તાન હાઈકમિશનર અબ્દુલ બાસિતને મળ્યા હતા અને બંને વચ્ચે વિવિધ મુદ્દાઓ ઉપર વાતચીત થઈ હતી. પાકિસ્તાન હાઈકમિશનની બહાર ગિલાની સામે લોકોએ જોરદાર દેખાવો કર્યા હતા અને વાતચીત સામે વાંધો ઉઠાવ્યો હતો. ભારત સરકાર આ વાતચીત બાદ પાકિસ્તાન સામે વધુ કઠોર પગલા લેવાની દિશામાં આગળ વધે તેવા સંકેત મળી રહ્યા છે. દિલ્હી પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા માટે કેટલાક લોકોની અટકાયત પણ કરી હતી. અગાઉ દિવસમાં ગિલાનીએ વિદેશ સચિવ સ્તરની મંત્રણાને રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને કમનસીબ અને અયોગ્ય તરીકે ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, આ નિર્ણય ખુબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. ભારત વિરોધી વલણ માટે જાણીતા રહેલા કટ્ટરપંથી ગિલાનીએ એવો અભિપ્રાય આપ્યો હતો કે, આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અને શાંતિને લઈને સર્વગ્રાહી અભિગમ જરૂરી છે. કાશ્મીર એક આંતરરાષ્ટ્રીય મુદ્દો છે. જ્યાં સુધી ભારત અને પાકિસ્તાન મૈત્રીપૂર્ણરીતે



વિવાદને ઉકેલશે નહીં ત્યાં સુધી ખીણમાં શાંતિ પરત ફરશે નહીં. ભારત-પાકિસ્તાન મંત્રણા રદ કરવાના નરેન્દ્ર મોદી સરકારના નિર્ણયને વખોડી કાઢીને હુર્રિયત નેતાએ કહ્યું હતું કે, ભારતની પ્રતિક્રિયા બાળકના વર્તન જેવી છે. આ નિર્ણયનું વધારે મહત્વ નથી. અમે વાતચીત કરવા માટે નિયમિતપણે પાકિસ્તાની દૂતાવાસની મુલાકાત લેતા રહ્યા છે. વિદેશ સચિવ સ્તરની મંત્રણાને રદ કરવાનો નિર્ણય બિનલોકશાહી છે. એનડીએ સરકાર ગઈકાલે જ ૨૫મી ઓગસ્ટની વિદેશ સચિવ સ્તરની મંત્રણાને રદ કરી હતી અને કહ્યું હતું કે, આંતરિક મામલાઓમાં કોઈ દરમિયાનગીરીને ચલાવી લેવામાં આવશે નહીં. ભારતના કઠોર વલણ છતાં અલગતાવાદી નેતાઓએ આજે દિલ્હીમાં પાકિસ્તાની હાઈકમિશનર સાથે નિર્ધારિત બેઠક સાથે આગળ વધવાનો નિર્ણય કર્યો હતો. ગિલાની ઉપરાંત મિરવાઈઝ ઉંમર ફારુક, જેકેએલએફના નેતા યાસીન મલિક બાસિતને મળ્યા હતા. મલિકે મોદીની ટિકા કરતા કહ્યું હતું કે, પીએમ પૂર્વ વડાપ્રધાન વાજપેયીના ઈશારે ચાલવાની વાત કરી રહ્યા છે પરંતુ વર્તમાન સરકાર પાકિસ્તાન સાથે ચર્ચા કરવા ઈચ્છુક નથી. બીજી બાજુ પાકિસ્તાને ભારતના નિર્ણયને કમનસીબ તરીકે ગણાવીને આની ટિકા કરી છે.

# ઉત્તરપ્રદેશમાં પુરના લીધે મોતનો આંકડો વધીને ૬૩

લખનૌ,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ અને પુરના કારણે મોતનો આંકડો વધીને ૬૩ ઉપર પહોંચી ગયો છે. રાજ્યના નવ જિલ્લામાં પુરની સ્થિતી ગંભીર બનેલી છે. જેથી મોટી સંખ્યામાં લોકો મુશ્કેલીમાં છે. મોટી નદીઓએ વધુ કેટલાક નવા વિસ્તારોને સકંજામાં લઈ લીધા છે. ઉત્તરપ્રદેશના બાહરેચમાં સૌથી વધુ ૨૨ લોકોના મોત થયા છે. ઉત્તરપ્રદેશમાં રાપ્તી નદી રૌદ્ર સ્વરુપમાં છે. કારણ કે, પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. પુરગ્રસ્ત વિસ્તારમાં હાલત કફોડી બનેલી છે. રાજ્ય સરકાર દ્વારા ૨૪ કલાક માટે કન્ટ્રોલ રૂમની શરૂઆત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કાર્ય જારી છે. રાજ્યના અધિકારીઓ, પોલીસ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની મદદ લેવામાં આવી રહી છે. લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૫૦૦ ગામો પુરના પાણી હેઠળ આવી ગયા છે. ૧૭૦૦૦ જેટલા લોકો ઘરવગરના થઈ ગયા છે.અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. નેપાળમાં ભારે વરસાદ અને ઘાઘરા, સારદા અને રાપ્તી નદીમાં પાણીની સપાટી સતત વધી છે. જેથી છ લાખ હેક્ટર પાક જમીન પણ પાણીમાં છે. આજે રાપ્તી નદીમાં પાણીની સપાટી બલરામપુર ખાતે ૧૦૫.૨૬ મીટર ઉપર હતી જે ૧૦૪.૬૨ મીટરની ભયજનક સપાટી કરતા ૦.૬૪ મીટર વધારે છે. જળસંશાધન મંત્રાલય દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. આ નદીમાં પાણીની સર્વોચ્ચ સપાટીનો રેકોર્ડ ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૦ના દિવસે નોંધાયો હતો તે વખતે પાણીની સપાટી ૧૦૫.૨૫ મીટર સુધી પહોંચી હતી. જો કે, ૧૭મી ઓગસ્ટના દિવસે પ્રથમ વખત આ સપાટી તુટી ગઈ હતી. એ દિવસે સપાટી ૧૦૫.૪૭ મીટર સુધી પહોંચી ગઈ હતી. સેન્ટ્રલ વોટર કમિશનના ચેરમેન એબી પાંડેએ કહ્યું છે કે, પાણીની સપાટીમાં વધારો થતાં ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ઉત્તરપ્રદેશમાં મોતનો આંકડો વધીને હવે ૬૩ ઉપર પહોંચ્યો છે. ઉત્તરપ્રદેશમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ચાર ટીમો તૈનાત કરવામાં આવી છે. બે હેલિકોપ્ટર પણ રાખવામાં આવ્યા છે. છેલ્લા ૪૮ કલાકથી પડી રહેલા ભારે વરસાદના કારણે ઉત્તરપ્રદેશમાં જનજીવન સંપૂર્ણ ખોરવાયુ ગયું છે. ઉત્તરપ્રદેશમાં સેનાને એલર્ટ રાખવામાં આવી હતી. કારણકે, ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ઘુસી ગયા છે. સેનાના હેલિકોપ્ટરો દ્વારા ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સૌથી વધારે નુકસાન બાહરેચમાં થયું છે.

**અમરસિંહ અને મુલાયમ ફરી એક સાથે દેખાયા**

# અમરસિંહ ટુંકમાં સપામાં પરત ફરે તેવી પ્રબળ વકી


લખનૌ ,તા. ૧૯

રાજ્યસભાના સાંસદ અમરસિંહની સમાજવાદી પાર્ટીમાં વાપસી હવે નિશ્ચિત દેખાઇ રહી છે. ટુંક સમયમાં જ આની વિધીવત જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. પક્ષમાંથી થોડાક સમય પહેલા હકાલપટ્ટી કરવામાં આવેલા અમરસિંહ હવે ફરી મુલાયમસિંહ યાદવ સાથે નજરે પડી રહ્યા છે. આજે સપાના નેતા મુલાયમસિંહ સાથે અમરસિહ ફરી નજરે પડ્યા હતા. લખનૌમાં બન્ને નેતાઓ વચ્ચે વાતચીત થઇ હતી. બન્ને નેતાઓ વચ્ચે વાપસીના મુદ્દે ચર્ચા કરાઇ હોવાના અહેવાલ મળ્યા છે. જો કે સિંહે હાલમાં સમાજવાદી પાર્ટીમાં ફરી ।સામેલ થવા જઇ રહ્યા છે તેવા અહેવાલોને રદિયો આપ્યો છે. મુલાયમ સિંહ સાથે પોતાની વાતચીત અંગે તેમણે કહ્યુ હતું કે આ અનૌપાચારિક વાતચીત હતી. તેઓ સમાજવાદી પાર્ટીમાં સામેલ થવા જઇ રહ્યા નથી. આ મહિનાની શરૂઆતમાં સિંહ અને મુલાયમ સિંહ એક મંચ પર નજરે પડ્યા હતા. ચાર વર્ષના લાંબા ગાળા બાદ બન્ને એક મંચ પર દેખાયા બાદથી અમરસિંહને લઇને અટકળો ચાલી રહી છે. ચાર વર્ષ પહેલા તેમની સમાજવાદી પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. એવા અહેવાલ આવ્યા હતા કે મુલાયમે પોતે પોશ ગોમતિનગરમાં ઉદ્‌ઘાટન માટે અમરસિંહને આમંત્રણ આપ્યું હતુ. બન્ને જુના મિત્રો એક મંચ પર આવ્યા બાદથી રાજકીય વર્તુળોમાં તેમના એક થવાને લઇને ચર્ચા ચાલી રહી છે. આજની બેઠકથી ચર્ચા વધારે તીવ્ર બની છે.

# હાલના સમય લાલૂ સાથે ગઠબંધન બિલકુલ યોગ્ય

પટણા ,તા. ૧૯

આરજેડી સાથે હાથ મિલાવીને બિહારમાં જંગલરાજ તરફ પરત ફરવાની દિશામાં જેડીયુએ આગેકૂચ કરી છે તેવા ભાજપના આક્ષેપ બાદ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ આજે લાલૂ પ્રસાદ યાદવનો જોરદાર બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, દરેક વ્યક્તિ સમયની સાથે ભુલોને સુધારે છે. પત્રકારો સાથે વાતચીત કરતા માંઝીએ કહ્યું હતું કે, ભુલોને હવે સુધારવામાં આવી રહી છે. જંગલરાજની વાત કરવી યોગ્ય રહેશે નહીં. અગાઉ પણ અમે આજ પરિવાર સાથે હતા પરંતુ કેટલાક કારણોસર અલગ થયા હતા. હવે એક જ પરિવારમાં પરત ફર્યા છે. જેડીયુ, આરજેડી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનને યોગ્ય ઠેરવતા તેમણે કહ્યું હતું કે, આને સફળતા મળશે. ૨૧મી ઓગસ્ટના દિવસે વિધાનસભાની ૧૦ બેઠકો ઉપર પેટાચૂંટણી યોજાનાર છે. જે ગઇકાલ હતું તે આજ નથી. જે



આજ છે તે આવતીકાલ રહેશે નહીં. સમય સાથે બદલાય છે. ગઠબંધનની હવે સમયની માંગ છે. ભાજપ આના કારણે કમજોર થશે. ભાજપના નેતાઓ બિનજરૂરી આક્ષેપો કરી રહ્યા છે. માંઝીએ કેન્દ્ર ખાતેની ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, ખાસ દરજ્જા માટેની રાજ્યની માંગણીની સતત અવગણના કરવામાં આવી રહી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદીએ પણ અલગ દરજ્જાની વાત કરી હતી. મધુબાનીથી પરત ફર્યા બાદ રાત્રિ રોકાણ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પૂર્વીય ચંપારણમાં સેમરા રેલવે સ્ટેશન ખાતે બનેલો અકસ્માત ખુબ જ ખતરનાક છે. આના કારણે ૨૧ લોકોના મોત થઇ ગયા હતા. માનવરહિત રેલવે ક્રોસિંગ ઉપર સતત બનાવો બની રહ્યા છે. મોદીને વધારે મહત્વ આપવામાં આવ્યા બાદ અમે ભાજપ સાથે અલગ થઇ ગયા હતા. માંઝીએ કહ્યું હતું કે, પેટાચૂંટણીમાં કોંગ્રેસ અને આરજેડી સાથે મળીને લડવાથી ફાયદો થશે.

# મોદીની લહેર પર આધાર ન રાખવા ગડકરીનું સૂચન

પૂણે ,તા. ૧૯

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ આગામી વિધાનસભાની ચુંટણીમાં જીત માટે માત્ર મોદી લહેર ઉપર આધાર ન રાખવા પક્ષના કાર્યકરોને અપીલ કરી છે. ગડકરીનું કહેવું છે કે, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં જ્યાં ચુંટણી યોજાનાર છે ત્યાં સંપૂર્ણપણે કામગીરીમાં વ્યસ્ત થઈ જવાની જરૂર છે. દેશમાં મોદી લહેર છે તે વાત સાચી છે પરંતુ બિલકુલ નિચલી સપાટીએ જીત મેળવવાના વિશ્વાસ સાથે લોકો સમક્ષ જવા કાર્યકરોને જરૂર છે. કેન્દ્રીય પ્રધાને પૂણેમાં એક રેલીને સંબોધતા કહ્યું હતું કે, મોદી લહેર અને લીડરશીપના આત્મવિશ્વાસની સાથે-સાથે અન્ય મુદ્દાઓ ઉપર પણ ધ્યાન આપવાની જરૂર છે.સત્તા પર આવવા માટે અન્ય મુદ્દાઓ પણ જરૂરી છે.ગડકરીએ કહ્યું હતું કે, મોદી લહેર વચ્ચે સામાન્ય લોકો સુધી પહોંચવામાં આવે તે જરૂરી છે. પ્રધાને એવા આક્ષેપને રદિયો આપ્યો હતો કે, નાગપુર માટે કેન્દ્ર સરકારે મેટ્રો પ્રોજેક્ટને મંજુરી રાજકીય લાભ લેવા માટે આપી છે. તેમણે ઉમેર્યું હતું કે, પૂણેને અન્ય શહેરોની સાથે જ મેટ્રોની મંજુરી મળશે.

# ચીનના સૈનિક ફરી ભારતીય ક્ષેત્રમાં ૨૫ કિમી સુધી ઘુસ્યા

લેહ, નવી દિલ્હી,તા. ૧૯

લાડાખના બર્તસે વિસ્તારમાં ભારતીય ક્ષેત્રમાં ચીની સેનિકોએ ફરીએકવાર ઘુસણખોરી કરી હોવાના અહેવાલ મળ્યા છે. ચીની સૈનિકો ૨૫થી ૩૦ કિલોમીટર સુધી ભારતીય ક્ષેત્રમાં ઘુસી ગયા હતા. આ જ વિસ્તારમાં ચીની સેનિકોએ ગયા વર્ષે પોતાની છાવણી ઉભી કરી હતી અને ત્રણ સપ્તાહ સુધી તંગદીલીની સ્થિતી રહી હતી. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ભારતીય સેનિકોની એક પેટ્રોલ ટુકડીએ ગઈકાલે પોતાના કેન્દ્રથી જમ્મુ કાશ્મીરમાં ઉત્તરીય લડાખના બર્તસે વિસ્તારમાં ન્યુ પેટ્રોલ બેઝ ચોકીની તરફ જતા પીપલ્સ લિબરેશન આર્મીના જવાનોને જોયા હતા. આ ક્ષેત્ર ૧૭૦૦૦ ફુટની ઉંચાઈએ સ્થિત છે. સુત્રોએ કહ્યું હતું કે પોતાના કેન્દ્રથી માત્ર દોઢ કિલોમીટર સુધી ચાલ્યા બાદ સૈનિકોએ વાસ્તિવિક અંકુશ રેખાથી ૨૫થી ૩૦ કિલોમીટર અંદર ભારતીય ક્ષેત્રમાં ચીની જવાનોને નિહાળ્યા હતા. ભારતીય જવાનોએ ધારાધોરણને પાળીને પરત ફરવાનો નિર્ણય કર્યો હતો.લ સૈનિકોએ આજે ફરી એકવાર ન્યુ પેટ્રોલ બેઝ ચોકી તરફ પેટ્રોલિંગ કરી હતી. જો કે સ્થિતીમાં કોઈ સુધારો થયો ન હતો. ભારતીય જવાનોને ચીની સેનિકો બેઠેલા નજરે પડ્યા હતા. તેમના હાથમાં ધ્વજ હતા અને તેમના પર લખ્યું હતુ કે આ ચીની ક્ષેત્ર છે. તમે પરત ફરો. ભારતીય પેટ્રોલ ટુકડીની સાથે અન્ય જવાનો પણ હતા. પરંતુ ચીની સેનિકોએ પોતાની જગ્યાએ દુર ખસી જવાનો ઈન્કાર કર્યો હતો. જો કે અંતે ભારતીય સૈનિક પરત ફર્યા હતા અને ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી.

જો કે ઉધમપુરમાં સૈન્ય પ્રવકતા કર્નલ એસડી ગોસ્વામીએ આવી કોઈ ઘટના બની હોવાનો ઈન્કાર કર્યો છે. પ્રવકતાએ કહ્યું હતું કે સરહદ પર કેટલાક એવા ક્ષેત્ર છે જેને લઈને બન્ને દેશોની વિચારણા જુદી જુદી છે. તેમણે કહ્યું હતું કે ભારત-ચીન સરહદ પર ચીની દ્વારા ભારતીય ક્ષેત્રમાં કોઈ ઘુસણખોરી થઈ નથી.

# ડોલર સામે રૂપિયો નવ પૈસા સુધરીને બંધ રહ્યો

મુંબઈ,તા. ૧૯

સતત બીજા સેશનમાં ડોલર સામે રૂપિયામાં તેજી જારી રહી હતી. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો નવ પૈસા સુધરીને ૬૦.૬૭ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ડોલર સામે રૂપિયામાં ત્રણ સપ્તાહની ઉંચી સપાટી જોવા મળી હતી. નિકાસકારો દ્વારા ડોલરના અવિરત વેચાણ અને સ્થાનિક શેરબજારમાં તેજીની સીધી અસર રૂપિયા ઉપર થઈ હતી. સતત જારી રહેલા મૂડીપ્રવાહના કારણે પણ ડોલર સામે રૂપિયો મજબૂત બની રહ્યો છે. ચાર દિવસની રજા બાદ રૂપિયામાં આજે કારોબાર તેજીમાં રહ્યો હતો. ગયા ગુરુવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૦.૭૬ની સપાટીએ રહ્યો હતો. એક વખતે રૂપિયો ૬૦.૭૮ સુધી પહોંચી ગયો હતો. ગયા ગુરુવારે રૂપિયો ૪૫ પૈસા સુધર્યો હતો જે ત્રણ મહિનામાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો હતો.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

રાત્રે ડીશ ટીવી પર ચેનલ સર્ફ કરતો આઝાદ રાત્રે ત્રણ વાગે સુવા લાગ્યો. કેટલાંય દિવસ સુધી જગ્યા ન બદલનારાં ગાદલાં અને એની આજુબાજુ બિયર બોટલ, ફ્રાય બદામ - કાજૂ અને સિગારેટનાં પેકેટની રંગોળી થવા લાગી. દૂધ આવ્યું, પેપર આવ્યું એના બિલ આવ્યાં, અવાજ ઓછો રાખોની ફરિયાદ કરતાં પાડોશી પણ આવ્યાં. કયારેક આંગણામાં રગોળી, ગબ્બર તો ગણપતિ બિરાજવાં લાગ્યા અને જિંદગીની ઘટમાળમાં એ સમાઈ ગયો...

ઓફિસમાં એક સ્વતંત્ર કેબીન મળી. સ્વતંત્ર પીસી પણ ઈન્ટરનેટ પણ મળ્યું. અને પહેલાં પગાર પર બોમ્બે ડાન્સર્સ સાથે ડીજે પર ઝુમી લીધું. જુની વાસમાંથી નવા કોરાં રંગની વાસ આવી અને સાથે પોપડાં પણ. આજે કપ-રકાબી કોણ ધોશે? અને કોણ કેટલું બીલ ચુકવશે જેવા રૂમમેટનાં ઝગડા પણ જુના થવા લાગ્યા. ઓફિસની ગાડી હવે કેટલીય વાર રવિવારે પણ સવારે નવનાં ટકોરો લેવા આવીને ઉભી રહેતી મિટિંગ માટે. અને એ દરેક વખતે એનાં પ્રત્યેની નારાજગી અને ચિડિયાપણું પણ હવે સ્વીકાર્ય બની ગયું છે. આ જિંદગીની ફિલ્મ શુષ્ક લાગે એટલે એ ઓફિસના કલીગ જોડે પ્રેમમાં પણ પડે, એટલે બધું સિક્રેટ હોં!!

અને રોજ સવારે નવના ટકોરે માત્ર ગાડી આવે ત્યારે તૈયાર, રાત્રે પાછા આવી બીજા સવારની રાહ જોતો. સાંજે સિગ્નલના એક એક સેકન્ડ ગણતો મહાનગરની મહાકાય ભીડનું એક ટપકું બનેલો આનંદ.

આજે પંદરમી ઓગસ્ટ અને એક વર્ષ પુરૂ થયું. સ્વતંત્રતા દિવસનાં સેલિબ્રેશન માટે સો ફુલનાઈટ મસ્તી કરવા અને આઝાદી મનાવવા બહાર નીકળ્યા છે. આઝાદનો મૂળ નથી એટલે રૂમમાં જ રોકાયો છે અને બધાંએ તારો મુડ ખરાબ હોવાનું કારણ તારું પેલી સાથે થયેલું બ્રેકઅપ અને અધુરાં કામો સાથે જોડીને લોકોએ મજા લીધી છે...

આઝાદને બહાર જવાનો કંટાળો છે, ઘરમં બેસવાનોય કંટાળો, દૂર બેન્ડવાજા પર દેશભક્તિ ગીત કેલેરોનેટ પર રેલાય છે. 'અય મેરે વતન કે લોકો, જરા આંખ મેં ભરલો પાની' અને આઝાદની આંખમાં પાણી છે. દેશ આઝાદ થઈ ગયો પણ એનો સ્વતંત્રનો ટૂકડો ગાયબ છે! કદાચ એનાં જેવા કેટલાંય આઝાદ સાથે ગુલામીનો ઘૂંટડો પી રહ્યાં છે!!

**ચૂંટલો :**

ભારત આઝાદ થયો, સમૃદ્ધ થયો અને સુખી થયો એમાં કેટલાય પરિવાર આજેય એમની રોજિંદી ઘટમાળમાં, પેટનો ખાડો પુરવા, પરિવાર ખેંચવા ટકોરાબંધ કામ કરી ગુલામીનો અહેસાસ ભોગવે છે. સ્વતંત્રતા માત્ર આઝાદ ભારતની નહીં, માનસિક સ્વતંત્રતા પણ જોઈએ.

# મારું શું અને મને શું? આ માનસિકતા વિકાસને રૂંધે છે : નરેન્દ્ર મોદી

કૈથાલ ,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના કૈથાલમાં નેશનલ હાઈવે પ્રોજેક્ટની આધારશીલા મુક્યા બાદ પ્રદેશના લોકોને સંબોધતા કહ્યું હતું કે, તેઓ અહીંના લોકોની અપેક્ષાઓ પુરી કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. અહીંના લોકો દ્વારા તેમને જે પ્રેમ મળ્યો છે તેને વિકાસ મારફ્તે પરત આપશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મેરા ક્યા, મુઝે ક્યા જેવી વૃત્તિના કારણે દેશ બરબાદ થઇ ગયો છે. ભ્રષ્ટાચાર કેન્સર કરતા પણ ખતરનાક છે. દેશમાંથી આને વહેલીતકે નાબૂદ કરવાની જરૂર છે. કૈથાલ-નરવાના-હિસાર-રાજસ્થાન નેશનલ હાઈવેની આધારશીલા મુક્યા બાદ એક કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે, હરિયાણામાં વડાપ્રધાન બન્યા બાદ તેઓ પ્રથમ વખત આવ્યા છે. લોકો તરફ્થી જે પ્રેમ મળ્યો છે તેને તેઓ વિકાસ મારફ્તે પરત આપશે. તેમણે કહ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ગામોને માર્ગો સાથે જોડવાની યોજના ચલાવી હતી. હવે દરેક ગામમાં સિંચાઈની વ્યવસ્થા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના મારફતે કરવામાં આવશે. જનસભામાં મોદીની સાથે હરિયાણાના મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હૂડા પણ ઉપસ્થિત રહ્યા હતા. એક બાજુ ઉપસ્થિત લોકોએ મોદીની તરફેણમાં નારા લગાવ્યા હતા. બીજી બાજુ હુડાનો વિરોધ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે, તમામ સમસ્યાઓનું સમાધાન વિકાસ છે. વિકાસ નહીં થાય તો રોજગાર મળશે નહીં જેથી આગળ વધવા માટે એક માત્ર રસ્તો વિકાસ છે. હરિયાણાના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટના દિવસે લાલકિલ્લાથી જે વાત કરી હતી. કેટલાક લોકોને એવું લાગ્યું હતું કે, ભ્રષ્ટાચાર અંગે તેઓએ કોઇ વાત કરી ન હતી. તેમણે ઉમેર્યું હતું કે, દેશ હવે લાંબા સમય સુધી તકલીફ્નો સામનો કરવા માટે તૈયાર નથી. ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. પ્રથમ વરસાદમાં નાશ થઇ જાય તેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર નથી.

**નરેન્દ્ર મોદીએ શું કહ્યું...**

- ભ્રષ્ટાચાર કેન્સર કરતા પણ વધુ ખતરનાક છે
- ભ્રષ્ટાચારને દેશમાંથી તાકીદે નાબૂદ કરવાની જરૂર છે
- હરિયાણાને ગુજરાતની જેમ જ નજીકથી જાણે છે
- હરિયાણાના લોકો તરફથી મળેલા પ્રેમને વિકાસ મારફતે પરત આપશે
- પાકા રસ્તા દેશના જીવનમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે
- વિકાસના લીધે રોજગારની શક્યતા વધશે
- દરેક ગામમાં સિંચાઈની વ્યવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપશે
- હરિયાણા પાસેથી ઘણી બધી બાબતો જાણવા મળી છે
- દેશ લાંબા સમય સુધી મુશ્કેલીઓનો સામનો કરવા માટે હવે તૈયાર નથી
- તમામ સમસ્યાઓનો ઉકેલ એક માત્ર વિકાસ છે
- વિકાસ નહીં થાય તો રોજગાર નહીં વધે

## ઈરાનમાં ભૂકંપ ૨૫૦થી વધુ ઘાયલ, ભારે નુકસાન

તહેરાન,તા. ૧૯

પશ્ચિમ ઈરાનના ઈયામ પ્રાંતમાં આજે સવારે પ્રંચડ ધરતીકંપનો આંચકો નોંધોયો હતો. જેમાં ઓછામાં ઓછા ૨૫૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. ઉંચી ઈમારતોને ભારે નુકસાન થયું છે. ઈરાની મિડિયામાં અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ અન્ય દેશોમાં રહેતા લોકો પણ ચિંતામાં મુકાયા છે અને સગા સંબંધી અંગે માહિતી મેળવી રહ્યા છે. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે આની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૩ આંકવામાં આવી હતી. તેનુ કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર નીચે હોવાનુ જાણવા મળ્યુ છે. અમેરિકી ધરતીકંપ સાથે સંબંધિત વિભાગે કહ્યું છે કે ભૂકંપ ઈરાક સરહદની નજીક અબ્દનાન શહેરથી ૩૬ કિલોમીટર દક્ષિણપૂર્વે સ્થિત હતુ. ઈરાનના સરકારી ટેલિવીઝન ચેનલે કહ્યું છે કે આંચકો સવારે ૭.૦૨ મિનિટે અનુભવાયો હતો. રેડક્રોસના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે સદભાગ્યે હજુ સુધી કોઈના મોતના અહેવાલ મળ્યા નથી. જો કે અનેક ઈમારતોને ભારે નુકસાન થયુ છે.ઈરાન દુનિયાના સૌથી વધુ ધરતીકંપ પ્રભાવિત ક્ષેત્ર તરીકે છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.કેટલાકને વધારે ઈજા પણ થઈ છે.

## સમાચાર ઝલક

- સમગ્ર દેશમાં પાંચ લાખથી વધુ પોલીસ જવાનોની ઘટ - ગુજરાત પ્રથમ.
- ફ્રાન્સમાં સાઉદી અરેબિયાના રાજકુમારને લુંટી લેવાયા.
- કપાસની વાવણી ૧૦૭ ટકાથી વધુ થઈ.
- જેલનો કેદી પોલીસના નામે લાંચ લેતાં ભરૂચમાં ઝડપાયો.
- ઉદ્યોગ-ધંધાને સરળતા રહે તેવા પગલાં કેન્દ્ર ભરશે.
- ભારત-પાકિસ્તાનના યુદ્ધ વિરામની સમજુતીનો અંત આવે તેવી શકયતાઓ.
- સુરેન્દ્રનગર જિલ્લાના ભવાની ગઢ ગામે હિંસક જુથ અથડામણમાં ૨ વ્યકિત ઘાયલ.
- બી.એસ.એફ. ચોકીઓ પર જમ્મુમાં પાકિસ્તાનો ગોળીબાર.
- શાકભાજીની વાવણી ખુબ ઓછી થતાં ચિંતાનું મોજું.
- મહિલાઓ પર હુમલાના બનાવોમાં ૧૩૨ ટકા વધારો. દુષ્કર્મના કેસમાં ૬૦ ટકા વધારો.
- સોમનાથ મંદિરમાં શ્રાવણિયા સોમવારે બે લાખ ભાવિકોએ દર્શન કર્યા.
- દિવસભરમાં બે ગ્લાસથી ઓછું પાણી પીનારને ડાયાબીટીસનો ખતરો રહે.
- આશારામ બાપુની જામીન અરજી ફગાવતી સુપ્રીમ કોર્ટ.
- ભારત-પાકિસ્તાનની મંત્રણાઓ રદ થતાં અમેરિકા નારાજ.
- માજી સંસદ સભ્ય શ્રી પ્રસવદન મહેતાનું અવસાન. ૩ વખત સાંસદ સભ્ય ચૂંટાયા હતા.